નવી બાબત વર્ષ ૨૦૨૫-૨૬

ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટે સહાયમાં વધારો કરવા માટે રૂ.૪૨.૫૦ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:SJED/PRC/e-file/17/2025/0196/H Section
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૨/૦૫/૨૦૨૫

વંચાણે લીધા:

(૧) વિભાગનો તા.૧૩/૦૪/૧૯૯૯નો ઠરાવ ક્રમાંક:અબડ/૧૦૯૯/૭૬૯/છ
(૨) વિભાગનો તા.૨૦/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:-અબડ/૧૨૨૦૧૭/૯૬૨/છ
(૩) વિભાગનો તા.૨૭/૧૨/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:-અબડ/૧૨૨૦૨૧/૫૬૨૬૬૨/છ
(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૭/૦૧/૨૦૨૫નો પત્ર નં.અજાક/મ-૫/૩૧૮/૨૦૨૫
(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૦/૦૩/૨૦૨૫નો પત્ર નં.DSCWG/DAA/e-file/224/2025/0380/M

પ્રસ્તાવના:

વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના વિભાગના તા.૧૩/૦૪/૧૯૯૯ના ઠરાવથી ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિના લોકો માટે વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ સહાય આપવા માટેની "ડૉ.આંબેડકર આવાસ યોજના" અમલમાં છે. વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના વિભાગના તા.૨૦/૦૪/૨૦૧૮ના ઠરાવથી ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં સમાન ધોરણે રૂ.૧,૨૦,૦૦૦/- ની સહાય ચૂકવવાનું ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક:(૩) પરના વિભાગના તા.૨૭/૧૨/૨૦૨૧ના ઠરાવથી ડૉ.આંબેડકર આવાસ યોજનામાં સહાય ચૂકવવા અંગે નીચે મુજબની પદ્ધતિ નિયત થયેલ છે.

| | | |
|---|---|---|
| પ્રથમ હપ્તો | : | રૂ.૪૦,૦૦૦/- (વહીવટી મંજૂરીના હુકમ સાથે) |
| બીજો હપ્તો | : | રૂ.૬૦,૦૦૦/- (લીંટલ લેવલે પહોંચ્યા બાદ) |
| ત્રીજો હપ્તો | : | રૂ.૨૦,૦૦૦/-(શૌચાલય સહિત આવાસનું બાંધકામ પૂર્ણ થયેથી) |

**કુલ રૂ.૧,૨૦,૦૦૦/-**

વંચાણે લીધેલ ક્રમાંક:(૪) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૨૭/૦૧/૨૦૨૫ના પત્રથી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટે સહાયમાં વધારો કરવા માટે રૂ.૪૨.૫૦ કરોડની નવી બાબતનો સમાવેશ કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ, જેનો નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. ત્યારબાદ

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 02-May-2025 (02:31 PM)

વંચાણે લીધેલ ક્રમાંક:(૫) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૨૦/૦૩/૨૦૨૫ના પત્રથી ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટે સહાયમાં વધારો કરવા માટે રૂ.૪૨.૫૦ કરોડની ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને ચૂકવવામાં આવતી રૂ.૧,૨૦,૦૦૦/-ની મકાન સહાયમાં રૂ.૫૦,૦૦૦/-નો વધારો કરી, રૂ.૧,૭૦,૦૦૦/-ની સહાય ચૂકવવા અંગેની વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં રૂ.૪૨.૫૦ કરોડની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

સહાયની રકમના ચૂકવણાની પધ્ધતિ નીચે મુજબની રહેશે.

(૧) પ્રથમ હપ્તો રૂ.૩૦,૦૦૦/- (વહીવટી મંજૂરીના હુકમ સાથે)
(૨) બીજો હપ્તો રૂ.૮૦,૦૦૦/- (પ્લીન્થ લેવલ થયેથી)
(૩) ત્રીજો હપ્તો રૂ.૫૦,૦૦૦/- (રૂફ કાસ્ટ લેવલ પૂર્ણ થયેથી)
(૪) ચોથો હપ્તો રૂ.૧૦,૦૦૦/-(શૌચાલય સહિતનું આવાસ પૂર્ણ થયેથી)

શરતો:

(૧) સદરહુ યોજનાની મંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનું ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.
(૨) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહીં તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ એ રાખવાની રહેશે.
(૩) ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
(૪) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.
(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ એ નાણાકીય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી/DBT Portal/C.M. Dash Board અપનાવવાનું રહેશે.
(૬) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
(૭) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
(૯) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
(૧૦) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
(૧૧) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 02-May-2025 (02:31 PM)

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યું ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનું આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

(૧૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૫) યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) C.M.Dashboard સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૯) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨૦) જે લાભાર્થી દ્વારા સ્વચ્છ ભારત મિશન હેઠળ અગાઉ શૌચાલયનો લાભ લેવામાં આવેલ ન હોય, તેવા લાભાર્થીને શૌચાલય માટે સ્વચ્છ ભારત મિશન હેઠળ રકમ રૂ.૧૨,૦૦૦/- ની સહાય મળવાપાત્ર થશે.

(૨૧) લાભાર્થીને મનરેગા યોજના હેઠળ ૯૦ દિવસની રોજગારી પેટે દૈનિક વેતનદર રકમ રૂ.૨૮૮/- મુજબ રકમ રૂ.૨૫,૯૨૦/- ની સહાય મળવાપાત્ર થશે. (મનરેગા યોજના હેઠળ જોબકાર્ડ હોવું અનિવાર્ય)

(૨૨) આવાસના લાભાર્થીઓને અન્ય યોજના સાથે કન્વર્જન્સ દ્વારા નળ સે જળ યોજના હેઠળ પીવાનું પાણી, ઉજ્જવલા યોજના હેઠળ ગેસ કનેક્શન, ઉજાલા યોજના હેઠળ વીજળી કનેક્શન વિગેરે માળખાગત સુવિધાઓ પૂરી પાડવાની રહેશે અને તે અંગેનો લાભ લેવા માટે જરૂરી પ્રમાણપત્ર નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના સંબંધિત જિલ્લાના અધિકારી દ્વારા પણ આપી શકાશે.

(૨૩) આ વિભાગના તા.૨૭/૧૨/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:-અબડ/૧૨૨૦૨૧/૫૬૨૬૬૨/હ માં દર્શાવેલ અન્ય જોગવાઈઓ યથાવત્ રહેશે.

૨. આ અંગેનું ખર્ચ માંગણી નંબર: ૯૫-(અનુસૂચિત જાતિ કલ્યાણ); મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ; પેટા મુખ્ય સદર: ૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ; ગૌણ સદર: ૨૮૩-અન્ય ખર્ચ; પેટા સદર: (૦૧) SCW-17 ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ ઉધારવાનું રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તા.૨૩/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 02-May-2025 (02:31 PM)

(ધર્મિષ્ઠા વસાવા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. રા.ક. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઈટ પર ઓનલાઈન મુકવા વિનંતી સહ).

(૧૧) સિલેક્ટ ફાઈલ.

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 02-May-2025 (02:31 PM)